ખૂબ જ અગત્યનું

# સંશોધન નિયામકશ્રીની કચેરી
# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

વિષયઃ વર્ષ ૨૦૧૩-૧૪માં આયોજીત યોજના હેઠળ કરવામાં આવેલ જોગવાઈ મુજબ ખર્ચ કરવા બાબત.

વંચાણે લીધોઃ
૧ હિ.અ.-વ-હિ.નિ.શ્રી, આણંદના ઓફીસ ઓર્ડર નં. એએયુ/કોમ્પ્ટ/બીજીટી/પ્લાન આર-૧/ ૪૬૮૫-૪૭૧૫, તા.૦૪/૦૯/૨૦૧૩
૨ આ કચેરી પત્ર જા.નં.આકૃયુ/સંનિ/અયન-૨/૨૪૪૧/૧૩, તા.૨૫-૦૬-૨૦૧૩
૩ આ કચેરી પત્ર જા.નં.આકૃયુ/સંનિ/અયન-૨/૨૯૭૪/૧૩, તા.૦૫-૦૭-૨૦૧૩
૪ આ કચેરી પત્ર જા.નં.આકૃયુ/સંનિ/અયન-૨/૭૧૪૨/૧૩, તા.૨૧-૧૦-૨૦૧૩
૫ સરકારશ્રીના પત્ર ક્રમાંક-વવય-૧૦૨૦૧૩-૨૦૦૪-અ, તા.૧૧/૧૨/૨૦૧૩
૬ સરકારશ્રીના પત્ર ક્રમાંક-વવય-૧૦૨૦૧૩-૨૦૦૪-અ, તા.૧૩/૧૨/૨૦૧૩

## પરિપત્ર

આથી સર્વે આયોજીત યોજનાઓના વડાશ્રીઓને જણાવવાનું કે, ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં પગાર-ભથ્થા, રીકરીંગ અને નોન-રીકરીંગ સદરે કરવામાં આવેલ જોગવાઈ મુજબ હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, આણંદે દ્વારા સંદર્ભિત-૧ના ઓફીસ ઓર્ડરથી પગાર ભથ્થા, રીકરીંગ અને નોન-રીકરીંગ સદરે થયેલ જોગવાઈ મુજબ ગ્રાન્ટ ફાળવણીના હુકમો કરેલ તેમજ સંદર્ભ-૨ થી નોન-રીકરીંગ સાધનોની યાદી આયોજીત યોજનાઓના નિયંત્રણ અધિકારીશ્રીઓને મોકલી આપવામાં આવેલ છે. પગાર-ભથ્થા, રીકરીંગ અને નોન-રીકરીંગ સદરે કરવામાં આવેલ જોગવાઈ મુજબ દર માસે સમભાગે ખર્ચ કરવા માટે સંદર્ભ-૩ અને ૪ થી પરિપત્ર કરવામાં આવેલ છે. તેમ છતાં આયોજીત યોજનાઓ હેઠળ દર માસે સમભાગે ખર્ચ થતો નથી તેમજ નવેમ્બર-૨૦૧૩ અંતિત આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલ આઉટલે સામે સેકટરવાઇઝ ઓછો ખર્ચ થયેલ છે.

આ બાબતે સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના સંદર્ભ-૫ અને ૬ થી માન.મંત્રીશ્રી (કૃષિ) દ્વારા નવેમ્બર ૨૦૧૩ અંતિત ખર્ચની સમીક્ષા કરતાં, અપેક્ષા કરતાં ઓછા ખર્ચ બાબતે નારાજગી વ્યકત કરેલ છે અને આગામી વર્ષે લોકસભાની ચૂટણીના કારણે આચારસહિતા દરમ્યાન યોજનાના અમલીકરણ પર થનાર સંભવિત અસરને લક્ષમાં રાખીને તમામ યોજનાઓના લક્ષ્યાંકો ફેબ્રુઆરી-૨૦૧૪ પહેલા પૂરા થાય તેવું અસરકારક આયોજન કરવા સૂચના આપવામાં આવેલ છે તેમજ માન. અગ્ર સચિવશ્રી (કૃષિ) દ્વારા સૂચના આપવામાં આવેલ છે કે યોજનાઓના કાર્યોમાં ઢીલાશ દાખવનાર તમામ અધિકારીશ્રીઓની નબળી કામગીરીની નોંધ લેવામાં આવે અને સમય મર્યાદામાં જો કામગીરી ન થાય તો સંબધિતના આગામી વાર્ષિક ખાનગી અહેવાલમાં તેની નોંધ કરવી.

આથી દરમાસે સમભાગે ખર્ચનું આગોતરૂં આયોજન કરવાની સૂચનાઓનો અમલ કરવા જણાવવામાં આવે છે. આ બાબતે યોજનાઓના નિયંત્રણ અધિકારીશ્રીની અંગત જવાબદારી રહેતી હોઇ, સરકારશ્રીની સૂચનાની ગંભીરતા ધ્યાને લઇને આયોજન કરવું.

જા.નં. આકૃયુ/અયન-૨/૨૦૧૩-૧૪/ 6379-92 /૧૩,
તારીખ30/૧૨/૨૦૧૩

(signature)
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

**નકલ સવિનય રવાનાઃ**

(૧) અધિક સચિવશ્રી (બજેટ અને આયોજન) કૃષિ અને સહકાર વિભાગ, બ્લોક નં.૫, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ
(૨) આ.કૃ.યુ.ના સર્વે યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
(૩) હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ
(૪) કાર્યપાલક ઈજનેરશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ આયોજીત યોજનાઓના બાંધકામોના ફંડના વપરાશ પૂરેપૂરો પરિપત્રમાં આપેલ સૂચના મુજબ કરવા આયોજન કરવાનું રહેશે

**નકલ રવાનાઃ**

(૧) આયોજીત યોજનાઓના ઈન-ચાર્જ અધિકારીશ્રીઓ તરફ ઉપરોકત બાબતે જાણ તથા યોગ્ય કાર્યવાહી કરવા સારૂ
(૨) મા. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આકૃયુ, આણંદ તરફ જાણ સારૂ